**મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં. ૧૧૧૮૮૦૦૮૨૪૦૬૫૨/૨૦૨૪ના કામે તપાસ કરનાર અમલદારશ્રી વર્ગ–અ પડત સમરીનં.૦૩/૨૦૨૬**

**હેઠળ હુકમ.**

----------------------------------------

સમરી વંચાણે લીધી. સમરીની સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. ગુજરાત પોલીસ મેન્યુઅલ પેરા–૨૩૨, ૨૪૬ વંચાણે લીધું, ગુજરાત ક્રિમિનલ મેન્યુઅલ પેરા –૪૦ વંચાણે લીધું.

હાલના કામે તપાસ કરનાર અમલદારશ્રી એ હાલના ગુનાના આરોપી મળી આવતા ન હોય તપાસ ચાલુ રાખવાની શરતે વર્ગ–અ પડત સમરી મંજૂર કરવાની દાદ માંગેલ છે. તપાસ કરનાર અમલદારશ્રી એ કરેલ તપાસના કાગળો વંચાણે લેતાં, હાલના કામના ગુનાના આરોપી મળી આવતા ન હોય, હાલના કામના ગુનાની તપાસ ચાલુ રાખવાની શરતે વર્ગ–અ સમરી મંજૂર કરવામાં આવે તો, ફરીયાદ પક્ષને પણ કોઈ નુકશાન થવાનું જણાય આવતું નથી તેમછતા હાલની સમરી મંજૂર કરતા પહેલા ફરીયાદીશ્રીને અત્રેની કોર્ટથી નોટીસ કાઢી સાંભળવાની જરૂરીયાત હોય તેઓને નોટીસ કાઢવામાં આવેલ હતી. તેમ છતા પણ ફરિયાદી કોર્ટ રૂબરુ હાજર રહેલ નથી. જેથી આ કામે જો તપાસ ચાલુ રાખવાની શરતે વર્ગ–અ સમરી મંજૂર કરવામાં આવે તો ફરિયાદપક્ષને કોઇ વાંધો નથી તેવુ આ કોર્ટનુ માનવુ થાય છે.

જેથી ઉપરોકત, થયેલ તમામ ચર્ચા ધ્યાને લેતાં, મને ત.ક.અ.શ્રીએ રજૂ રાખેલ તપાસના કાગળો જોતા હાલની સમરી મંજૂર કરવા પાત્ર જણાતી હોય નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

## -- આખરી હુકમ --

(૧) તપાસ કરનાર અમલદારશ્રી ની વર્ગ–અ પડત સમરી તપાસ ચાલુ રાખવાની શરતે મંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલની સમરી સાથે રજૂ તમામ અસલ કાગળો આ હુકમની પ્રમાણિત નકલ સાથે તપાસ કરનાર અમલદારશ્રીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હાલની સમરીની નકલ આ અસલ હુકમ અને કોર્ટની અસલ એફ.આઈ.આર. સાથે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ હુકમની એક નકલ તપાસ કરનાર અમલદારશ્રી મારફતે ફરિયાદીને તેમની જાણ સારુ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) તપાસ કરનાર અમલદારશ્રીને આદેશ કરવામાં આવે છે કે, જો ગુનાના કામે ભવિષ્યમાં ફરી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૧૯૩ અથવા લાગુ પડતા કાયદાની જોગવાઈઓ મુજબ પોલીસ રીપોર્ટ અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરે તો તે રીપોર્ટની રજૂ કરવાની જાણ ફરિયાદીને અગાઉમાં કરી ફરિયાદીને જાણ થયેલ હોવા બાબતની પહોંચ તેમની સહી સાથે અત્રેની કોર્ટમાં ફરજીયાતપણે રજૂ કરવી.

તા. ૩૦/૦૫/૨૦૨૬
મોડાસા.

**(પુષ્પેન્દ્રસિંહ રાઠૌડ )**
ચીફ.જયુડી. મેજી.મોડાસા.
કોડ નં. જીજે. ૦૧૧૩૪.